# લેખકોને ખાસ વિનંતી

- શક્ય હોય તો ટાઈપ કરીને લેખ મોકલવો.
- લેખને 'અર્થાત'માં સ્થાન આપવા સંબંધે કેટલાક સંપાદકીય ધારાધોરણ અનુસાર નિર્ણયો લેવાતા હોય છે. આ અંગે કોઈ પ્રકારનો પક્ષપાત કે પૂર્વગ્રહ રખાતો નથી. આથી લેખ મોકલ્યા બાદ ધીરજપૂર્વક વાટ જોવી. તે અંગે ઉત્કંઠાપૂર્વક પૃચ્છા કરવી નહીં. અસ્વીકાર્ય લેખોને પરત મોકલાશે.

લેખની હસ્તપ્રત તૈયાર કરાતી વખતે લેખકોએ નીચેની સૂચનાઓ ખાસ ધ્યાનમાં રાખવી આવશ્યક,બલકે,અનિવાર્ય છે.

૧. લખાણ કાગળની એક બાજુ સ્વચ્છ અને સુવાચ્ય છૂટ્ટા અક્ષરોમાં હોવું જોઈએ.
૨. બને તો છેકછાક શકય એટલી ઓછી હોય. ભૂલ અક્ષરો ઘૂંટીને ન સુધારવી. પરંતુ છેકો મારી નવેસરથી સ્પષ્ટ અને સુવાચ્ય રીતે ફરીથી લખવું.
૩. લખાણની બંને બાજુ પ્રૂફ રિડિંગ તથા સુધારા-વધારા કરવા માટે જગા રાખો.
૪. વાક્ય રચનાઓ તથા ભાષા વ્યાકરણની દ્રષ્ટિએ શુદ્ધ હોવી ખાસ જરૂરી છે. તથા જોડણી પણ સાર્થ જોડણી કોશ અનુસાર સાચી હોવી અત્યંત આવશ્યક છે. મર્યાદા બહારની વ્યાકરણ અશુધ્ધિ અને જોડણીદોષો ધરાવતા લેખોને સુધારણા માટે પરત મોકલાશે.
૫. ઉપયોગમાં લેવાતા કોઠાઓ (સારણીઓ) વ્યવસ્થિત અને ચોક્સાઈભર્યા હોવા જોઈશે. તેમાં આડા ઊભા સરવાળા, ટકાવારી વગેરે પણ બરાબર ગણી ખાત્રી કરેલાં હોવાં અનિવાર્ય છે.
૬. યોગ્ય ફકરાઓ પાડી, જરૂર હોય ત્યાં તેમને યોગ્ય શીર્ષક પણ આપો.
૭. યોગ્ય જગાએ યોગ્ય વિરામ ચિહ્નો પણ મૂકવા અનિવાર્ય છે.
૮. લેખમાં પાદટીપ મૂકવી અનિવાર્ય હોય ત્યાં નીચે દર્શાવ્યા મુજબ મૂકોઃ

* કે ૧. Moser C.A.: 'Survey Methods in Social Investigation', London, William Heinemann Ltd, 1958; pp 302-307 પરથી ભાવાનુવાદ.

* કે ૨. દેસાઈ ઈ.પ્રા. (અનુવાદઃ દીપક ચૌધરી): 'દક્ષિણ ગુજરાતમા આદિવાસી સ્વાયત્ત રાજનું સૂત્ર', સુરત, પ્રદેશ વિકાસ અભ્યાસ કેન્દ્ર, ૧૯૭૦; પૃ.૮.

બને ત્યાં સુધી પાદટીપમાં ચિહ્નો કે સંકેતોને સ્થાને ૧,૨...ક્રમમાં આંકડા જ દર્શાવો.અમારા ધ્યાનમાં આવ્યું છે કે ઘણાં લેખકો પાદ ટીપમાં કે અન્યત્ર સંદર્ભ દર્શાવતી વખતે પ્રકાશક અને પ્રકાશન વર્ષ દર્શાવતા નથી, આ ખામીયુકત રીત છે. એજ રીતે પૃષ્ઠ નંબર દર્શાવવો પણ જરૂરી છે.

૯ અહેવાલ કે લેખમાં સંદર્ભ સ્રોતનો નિર્દેશ લેખકની અટક તથા ત્યારબાદ કૌંસમાં પ્રકાશન વર્ષ અને જરૂર હોય ત્યાં અલ્પવિરામ (,) કે મહાવિરામ (:) મૂકી પાના નંબર આપી કૌંસ પૂરો કરવો. લેખમાં વિવિધ પ્રકારના સંદર્ભ સ્રોતોનો નિર્દેશ કરવા માટે નીચે મુજબ દષ્ટાંતો આપી શકાયઃ

(ક) જો લેખમાં કોઈ લેખકના નામનો ઉલ્લેખ આવતો હોય તો તેના પછી કૌંસમાં પ્રકાશન વર્ષ દર્શાવવું. જેમકે,' '..........બોઝ (૧૯૮૦)ના ગુજરાતના કુંભારોના અભ્યાસમાંથી... "જો પાઠમાં લેખકનું નામ આવતું ન હોય તો યોગ્ય જગ્યાએ કૌંસમાં લેખકનું નામ અલ્પવિરામ અને પ્રકાશનવર્ષ દર્શાવો. દા.ત..,"...કેટલાક (જુઓ ગુલ્ડનર,૧૯૬૩) એવો દાવો કરે છે કે... '.

(ખ) પ્રકાશનવર્ષ પછી મહાવિરામ મૂકીને પાના નંબર દર્શાવો, તેની આગળ "પા." " પાના" "પૃષ્ઠ" લખવું નહિ. દા.ત., સોબર્ગે (૧૯૬૪ : ૧૩૮) જણાવ્યું છે તેમ.... જો સંદર્ભસ્રોત અંગે કોઈ ટૂંકું વાકય સંકળાયેલું હોયતો તે કૌંસમાં દર્શાવો. દા.ત., ....એ આમ દાવો કર્યો છે (પરંતુ, વિરોધી મત માટે જુઓ, જોન્સ, ૧૯૫૨ : ૯૯).

(ગ) જો બે લેખકોની સંયુકત કૃતિ હોય તો બન્ને લેખકોની અટક લખો; પરંતુ, બે કરતાં વધુ લેખકો હોય તો, અને બીજા, જેમકે, (સેલ્ટિઝ અને બીજા, ૧૯૬૨ : ૨૫૫)એમ લખો. સંસ્થાકીય લેખન-સ્રોત અંગે આવશ્યક ન્યૂનતમ ઓળખ મળી રહે તેટલી વિગત આપો. દા.ત., .......વ્યાવસાયિક માહિતી (યુ.એસ. બ્યુરો ઓફ ધ સેન્સસ, સ ૧૯૬૩ : ૧૧૭) પરથી જણાય છે કે....,

(ઘ) એક જ લેખકના એક જ પ્રકાશનવર્ષના એક કરતાં વધારે સંદર્ભસ્રોત હોય તો પાઠમાં તેમજ સંદર્ભસૂચિમાં તેમના પ્રકાશનવર્ષ સાથે અ, બ એમ અક્ષરો જોડીને તેમને જુદા દર્શાવો. દા.ત., ....આગળ સૂચવવામાં આવ્યું છે (લેવી, ૧૯૬૩ અ : ૩૩૧) તેમ...

(ચ) જો કે એક કરતાં વધારે સંદર્ભસ્ત્રોતો દર્શાવવાના હોય તો તે બધાંને એક જ કૌંસમાં, પરસ્પરથી અર્ધવિરામ ચિહ્ન મૂકીને છૂટા પાડીને, દર્શાવો દા.ત., .....ઘણાએ (જહોન્સન, ૧૯૪૨; પેરી, ૧૯૪૭; લિંકિવસ્ટ ૧૯૪૮) જણાવ્યું છે કે.... “ .

(છ) સ્પષ્ટ છે કે લેખમાં આ રીતે દર્શાવાયેલા સંદર્ભોની વિગતવાર માહિતી લેખને અંતે સંદર્ભ સૂચિમાં હોવી અનિવાર્ય છે.

(જ) સંશોધન લેખને અંતે સંદર્ભ-સૂચિનું સ્વરૂપ નીચે મુજબ રાખવું :

* જો પુસ્તક દર્શાવવું હોય તો,

જોષી વિદ્યુત, *આઈ.પી.દેસાઈ*, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૨૦૦૩.

Lukose Anil, *Labour Movements And Agrarian Relation*, Jaipur : Rawat Publications, 1991.

* જો જર્નલનો લેખ દર્શાવવો હોય તો,

એન્જીનીયર અસગરઅલી, "ઈસ્લામ અને બિનસાંપ્રદાયિકતા", *અર્થાત્*, ગ્રંથ ૨૧, અંક ૪, ઓકટોબર-ડિસેમ્બર ૨૦૦૨.

Mahajan Gurpreet, "Civil Society and Its Avtars", *Economic and Political weekly*, May 15-21, 1999.

* જો કોઈ સંપાદિત પુસ્તકનો લેખ દર્શાવવો હોય તો,

Trotsky L., "Marxism and Trade Unionism" in T.clarke & L. clements (eds.), *Trade Union Under Capitalism*, Glarsgow : Fontana / collins, 1977.

જર્નલના લેખ દર્શાવતી વખતે શક્ય હોય ત્યાં સુધી ગ્રંથ અને અંક પણ દર્શાવવા.સંદર્ભ સૂચિમાં ક્રમ અંગ્રેજી કે ગુજરાતી બારાક્ષરીના ક્રમ મુજબ મૂકવો. અંગ્રેજીમાં a,b,c,d....અનુસાર સંદર્ભો દર્શાવી શકાય. ગુજરાતી બારાક્ષરી માટે 'અર્થાત'નો આગ્રહ નથી.